# મોડયુલ – 5 અહેવાલ

# <u>‘વિદ્યાપ્રવેશ’ અને ‘બાલવાટિકા’ ને સમજવા</u>

શિક્ષક કોડ : **<u>10087791</u>** તારીખ : <u>01-12-2021</u>

શિક્ષકનું નામ : <u>મક્કમપરા વિજય રાકેશભાઇ</u> મો.નં.:- <u>8140480391</u>

શાળાનું નામ : <u>શ્રી ઐયર પ્રાથમિક શાળા</u> તા – <u>નખત્રાણા</u> જિ- <u>કચ્છ</u>

★ કોર્સની ઝાંખી :-

કોર્સનું માળખું, હેતુઓ અને કોર્સની રૂપરેખા અંગે સમજ મેળવી હતી.આ ઉપરાંત કોર્સના સમયગાળા અને પ્રમાણપત્ર મેળવવા અંગે સમજ મેળવી હતી.

★ પરિચય:-

‘વિદ્યાપ્રવેશ’ અને બાલવાટિકા’ના પરિચય અંગેની સમજ 07:41 મીનીટના વિડિયો દ્વારા મેળવી હતી. જેમા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- 2030 સુધીમાં ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણની સાર્વત્રિક જોગવાઇની હિમાયત પર ભાર મુકાયો. NIPUN ભારત અંતર્ગત ત્રણ મહિનાના શાળા તત્પરતા કાર્યક્રમને ‘વિદ્યાપ્રવેશ’ નામ અપાયું છે. કાર્યક્રમની રચના અને અમલ અઠવાડિયામાં 5 દિવસ અને દરરોજ 4 કલાક કરવા અને શનિવારે પુનરાવર્તન કરાવા જણાવેલ હતું. ‘વિદ્યાપ્રવેશ’ અને ‘બાળવાટિકા’ ના ઉદેશ્યો વિશે સમજ મેળવી હતી અને તે અંગેના માળખાની સમજ મેળવી હતી.

☯ <u>પ્રવૃત્તિ- ૧ : જાતે કરો</u> ☯

ધોરણ- ૧ માં શાળા તત્પરતા અને બાળવાટિકા વિશે NEP ને લગતી ભલામણો અને મુખ્ય વિશેષતાઓ લખી હતી.

★ વિકાસના લક્ષ્યો:-

વિકાસાત્મક મુખ્ય ત્રણ લક્ષ્યો આ મુજબના હતા-

૧) બાળકો સારું સ્વાસ્થ્ય અને સુખાકારી જાળવે

૨) બાળકો અસરકારક પ્રત્યાયન કરનાર બને

3) બાળકો જાતે શીખે અને નજીકનાં પર્યાવરણ સાથે જોડાય

વિકાસાત્મક લક્ષ્ય – ૧ બીજા લક્ષ્યો સાથે પરસ્પર કેવી રીતે સંકળાયેલા છે તેની સમજ 07:37 મીનીટના વિડિયો દ્વારા ડો. રોમીલાબેન સોની દ્વારા અપાઇ હતી.

☯ <u>પ્રવૃત્તિ- ૨ : તમારી સમજ ચકાસો</u> ☯

બાળકો સાથેના અનુભવના આધારે મુખ્ય ક્ષમતાને પેટા ઘટકોને આપેલ વિકલ્પમાંથી પસંદ કરી સમજ ચકાસવાની પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

➻ <u>પુરક વાચન: ભાષાકિય ક્ષમતા પ્રોત્સાહિત કરવાની રીતો</u> :-

મૌખિક ભાષા, પ્રિંટ જાગૃતિ અને પુસ્તકો સાથે જોડાણ, ધ્વનિ જાગૃતિ અને સમજ સાથેનું વાંચન એમ 4 રીતો વિશે સમજ અપાઇ હતી.

★ વિકાસાત્મક લક્ષ્યો સંબંધિત શીખવાના અનુભવો:-

વિકાસાત્મક લક્ષ્ય- ૧ સંબંધિત શીખવાના અનુભવો અંતર્ગત સામાજિક સંબંધોને તેના કુટુંબના આધારે સમજાવવામાં આવ્યા હતા.

➻ <u>પાયાની ભાષા અને સાક્ષરતા માટે આનંદમય અનુભવોનું આયોજન</u>:-

પાયાની ભાષા અને સાક્ષરતા માટે આનંદમય અનુભવોના આયોજન અંગે 12:10 મીનીટના વિડિયોમાં ડૉ. રોમિલાબેન સોની દ્વારા લક્ષ્ય- ૨વિશેની પ્રવૃત્તિઓ અને રમતોનું આયોજન કેવી રીતે કરવું તેના વિશે સમજ અપાઇ હતી.

➻ <u>પાયાના સંખ્યાજ્ઞાન અને પર્યાવરણ સાથેના જોડાણ માટે આનંદમય અનુભવોનું આયોજન</u>:-

પાયાના સંખ્યાજ્ઞાન અને પર્યાવરણ સાથેના જોડાણ માટે આનંદમય અનુભવોનું આયોજન અંગે 07:14 મીનીટના વિડિયો દ્વારા પ્રવૃત્તિ અને રમતોનું આયોજન કઇ રીતે કરવું તે અંગે સમજ મેળવી હતી.

☯ <u>પ્રવૃત્તિ- 3 : તમારા વિચારો જણાવો</u> ☯

વિકાસાત્મક લક્ષ્ય સંબંધિત પડકારજનક ક્ષણો વિશે અભિપ્રાય આપેલ લીંક પર જઈને આપ્યા હતા.

★ 'વિદ્યાપ્રવેશ' અને બાલવાટિકા કાર્યક્રમનું નિર્માણ:-

વિદ્યાપ્રવેશ અને બાલવાટિકા કાર્યક્રમ બનાવતી વખતે ધ્યાનમાં રાખવાની મહત્વની બાબતો વિશે 06:44 મીનીટના વિડિયો દ્વારા સમજ મેળવી હતી. જેમા હેતુ, લક્ષ્ય, માળખુ, સમયગાળો, શીખવાની તકો, સમયપત્રકનો અભ્યાસ,સાધનસામગ્રી જેવી બાબતોને ધ્યાનમાં રાખવા જણાવાયુ હતું.

☯ <u>પ્રવૃત્તિ- ૪ : તમારી સમજ ચકાસો</u> ☯

શબ્દ/ વાક્ય માટે યોગ્ય પ્રવૃત્તિ / રુચિવાળા વિસ્તારો આપવામાં આવેલ વિકલ્પમાથી પસંદ કર્યા હતા.

વર્ગખંડમાં પ્રિંટ સમૃદ્ધ અને સંખ્યાજ્ઞાન સમૃદ્ધ બનાવવા વાતાવરણનું નિર્માણ કરવા અંગે સમજ મેળવી.

☯ <u>પ્રવૃત્તિ- ૫ : તમારા વિચારો જણાવો</u> ☯

વર્ગખંડમાં પ્રિન્ટ સમૃદ્ધ વાતાવરણનું નિર્માણ કરવા અંગેના વિચારો આપેલ લીંક પર જઈ રજુ કર્યા હતા.

★ પ્રારંભિક શીખવાના અનુભવો નિર્માણ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો:-

પ્રારંભિક શીખવાના અનુભવો નિર્માણ કરતી વખતે નમુનારૂપ અઠવાડિક સમય પત્રક બનાવવા અંગે પુરતી સમજ મેળવી હતી.

☯ <u>પ્રવૃત્તિ- ૬ : જાતે કરો</u> ☯

વિવિધ પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરીને દિવસ પ્રમાણે સાપ્તાહિક સમયપત્રક બનાવ્યું હતું.

★ બાળકોની પ્રગતિની દેખરેખ રાખવી:-

બાળકોની પ્રગતિની દેખરેખ રાખવા વિડિયો નિહાળીને સમજ મેળવી હતી.

☯ <u>પૂરક પ્રવૃત્તિ : ચિંતન કરો</u> ☯

સતત શીખવાનું મુલ્યાંકન કરવા અંગે કેસ સ્ટડી કરવામાં આવેલ.

★ સારાંશ :-

ચાર્ટ દ્વારા સમગ્ર મોડયુલનો ટૂંકમાં સાર આપવામાં આવેલ હતો. જેના આધારે ટૂંકમાં સમગ્ર મોડયુલ અંગે સમજ મેળવી હતી.

★ પોર્ટફોલિયો :-

શીખવામાં મુશ્કેલીઓ દર્શાવતાં બાળકો માટે વ્યક્તિગત શિક્ષા યોજના તૈયાર કરવા અંગે અસાઇન્મેંટ બનાવ્યુ હતું.

★ વધારાના સંસાધનો :-

બીજી વધારાની માહિતી માટે કોર્સમાં આપેલ વેબ સાઇટોની નોંધ કરી અને આપેલ લીંક જોઇ વધુ સમજ મેળવી હતી.

★ મુલ્યાંકન :- 20 પ્રશ્નોના ઉત્તર આપી ક્વીઝ પુર્ણ કરી હતી.

આમ, આ મોડયુલ દ્વારા ‘વિદ્યાપ્રવેશ’ અને ‘બાલવાટિકા’ ની સમજવા અંગે પુરતી  સમજ મેળવી હતી.

# મોડયુલ – 6 અહેવાલ

# <u>પાયાની ભાષા અને સાક્ષરતા</u>

શિક્ષક કોડ : **<u>10087791</u>** તારીખ : <u>02-12-2021</u>

શિક્ષકનું નામ : <u>મક્કમપરા વિજય રાકેશભાઇ</u> મો.નં.:- <u>8140480391</u>

શાળાનું નામ : <u>શ્રી એૈયર પ્રાથમિક શાળા</u> તા – <u>નખત્રાણા</u> જિ- <u>કચ્છ</u>

★ કોર્સની ઝાંખી :-

કોર્સનું માળખું, હેતુઓ અને કોર્સની રૂપરેખા અંગે સમજ મેળવી હતી.આ ઉપરાંત કોર્સના સમયગાળા અને પ્રમાણપત્ર મેળવવા અંગે સમજ મેળવી હતી.

★ પરિચય:-

ભાષા અને સાક્ષરતાને સમજવા માટે 10:55 મીનીટનાં વિડિયો દ્વારા પ્રો.ઉષા શર્મા દ્વારા સમજ આપવામાં આવી હતી. જેમાં બાળકો ભાષા શીખે છે અને તેમના સાક્ષરતા કૌશલ્યોમાં અભિવૃદ્ધિ કરે તે અંગે સમજ મેળવી હતી.

➻ <u>ભાષા અને સાક્ષરતા- એક પરિપ્રેક્ષ્ય</u>:

પ્રારંભિક તબક્કામાં વાંચન અને સંખ્યાજ્ઞાન પર વધુ ભાર આપવા જણાવવામાં આવેલ હતું. તેના આધારે પછીના વર્ષોમાં બાળક પર થતી તેની અસરોથી વાકેફ થયા.

★ બહુભાષિતા:-

પ્રો. ઉષા શર્મા અને યાચના ગુપ્તા દ્વારા 14:26 મીનીટના વિડિયો દ્વારા ભાષા શીખવા માટે માતૃભાષા અને બાળ સાહિત્યના પ્રયોગ વિશે સમજ અપાઇ હતી. બહુભાષિતાને એક સંસાધનના રૂપમાં જણાવેલ હતું.

➻ <u>બહુભાષિતા: વિવિધ પાસાઓ</u>:

વિવિધ સંભવિત પરિસ્થિતિઓ વિશે જણાવેલ હતું. બહુભાષિતાએ સામાજિક સંવાદિતા અને આદર જેવા નોંધ પાત્ર બંધારણીય મુલ્યોને પ્રોત્સાહન આપવાની જરૂરીયાત વિશે સમજાવેલ હતું.

☯ <u>પ્રવૃત્તિ-૧ : જાતે કરો</u> ☯

આપવામાં આવેલ પ્રશ્નો અંગે વિચારણા કરીને જવાબો લખ્યા હતા.

★ ભાષા અને સાક્ષરતાના કૌશલ્યોની સમજ :-

પ્રાથમિક શિક્ષણના પ્રશ્નો અને પડકારો વિશે જણાવ્યું હતું અને ભાષાનો અર્થ સમજાવ્યો હતો.

☯ <u>પ્રવૃત્તિ- ૨ : તમારા વિચારો જણાવો</u> ☯

બાળકોમાં ભાષા શીખવાની અને ભાષાના માધ્યમથી શીખવાની કુદરતી વૃત્તિ હોય છે. તેના પર આપેલ લીંક પર જઈને વિચારો રજૂ કર્યા હતા.

★ ભાષા શીખવી- પ્રારંભિક સાક્ષરતા આધારીત દ્રષ્ટિકોણ:-

પ્રારંભિક તબક્કે ધ્વનિ જાગરૂકતાની જરૂરીયાત અંગે સમજાવ્યું હતું.

☯ <u>પ્રવૃત્તિ- ૩ : તમારા વિચારો જણાવો</u> ☯

ભાષાઓને મૂળાક્ષરોનો પરિચય કરાવીને શીખવવાનું શરૂ કરવું પડશે ? શું બાળકોને અક્ષરોથી ક્રમશ: પરિચિત કરવા જોઇએ તેના પર આપેલ લીંક પર જઈને વિચારો રજૂ કર્યા હતા.

➻ <u>અધ્યયનની શાંત અવધિ / સમયગાળો</u>:

બાળકના શાંત સમયગાળાને ભાષાના સ્વ- સમજ દ્વારા શીખવાના સમયગાળા તરીકે ગણાવ્યું હતું.

★ ભાષા અને સાક્ષરતા:-

સમજણના આધારે ચિંતન કરવા અને અભિપ્રાયો વ્યકત કરવા માટે અવકાશ આપવો, સહાયક વાતાવરણ મળતા જ્ઞાનાત્મક કૌશલ્યોનો ઉપયોગ કરીને રચનાત્મક બનવાનું શીખે, છાપેલી સામગ્રીથી સમૃદ્ધ વાતાવરણ નિર્માણ કરવું અને

મૌખિક ઇંપુટ્સ, શાળામાં વસ્તુઓ અને અનુભવો વિશે વાત કરવાની તકો, ચિત્રો દ્વારા ભાષા અને સાક્ષરતા અંગે સમજ મેળવી હતી.

★ વાંચન:-

વાંચનનો પરિચય આપવામાં આવેલ જેમાં ત્રણ પ્રકારના વાંચન જેમાં સામુહિક વાંચન, મર્ગદર્શિત વાંચન અને સ્વતંત્ર વાંચન વિશે સમજાવવામાં આવેલ.

➻ <u>વાંચનના પાસાઓ</u>:

વાંચનના વિવિધ પાસાઓ- જ્ઞાનાત્મક પાસું, ભાષાકીય પાસું, સામાજિક પાસું, મનોવૈજ્ઞાનિક પાસા વિશે સમજ મેળવી હતી.

➻ <u>વાંચનમાં સામેલ પ્રક્રિયાઓ અને વર્તન</u>:

વાંચનને અર્થપૂર્ણ પ્રવૃત્તિ બનાવવા માટેના પરિબળો વિશે સમજ મેળવી હતી.

☯ <u>પ્રવૃત્તિ- ૪ : તમારી સમજ ચકાસો</u> ☯

વાંચનની વિવિધ વ્યૂહરચનાઓ વિશે સમજ મેળવી હતી.

★ લેખન:-

બાળકોની મૂળભૂત આંતરદ્રષ્ટિ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા, વાતચિત અને વિચારોના વિકાસ માટે સઅસરકારક સાધન બનાવવા, અભિવ્યક્તિમાં સક્રિય, સર્જનાત્મક અને વિશ્વસનીય બનવાની તક પૂરી પાડવા અંગે સમજ મેળવી હતી.

☯ <u>પ્રવૃત્તિ-૫ : બાળ સાહિત્યના વિવિધ સંસાધનો વિશે જાણીએ</u> ☯

વાર્તાના પુસ્તકો, વિવિધ શૈલીઓ અને પ્રકારો આધારિત પુસ્તકો, કવિતાના પુસ્તકો, પૉસ્ટર્સ, ફોટોગ્રાફ સંગ્રહ, બાળ સંગ્રહ, બાળ સામાયિક વિશે જાણકારી મેળવી હતી.

★ પાયાના તબક્કે અધ્યયન- અધ્યાપન પ્રક્રિયા:-

વધારાના વાંચન અંગે આપવામાં આવેલ બે ઉદાહરણો દ્વારા સમજ મેળવી હતી. જેમાં એક કાગડાની વાર્તા દ્વારા વાર્તા રચવી, વાર્તા લેખન અને વાંચન, અવલોકન, અવલોકન ચાર્ટ વિશે સમજ મેળવી હતી.

★ બાળકોના વાંચન અને લેખન પ્રયત્નો:-

બાળકોના સ્વ- વાંચન અને લેખનના પ્રયત્નોને સમજવા,વાર્તા કથન અને શિક્ષકોમા પોર્ટફોલિયાની જાળવણી વિશે સમજ મેળવી હતી.

☯ <u>પ્રવૃત્તિ- ૬ : જાતે કરી જુઓ</u> ☯

વિવિધ પરિસ્થિતિના આધારે અધ્યયન- અધ્યાપન સાક્ષરતાના અભિગમ અને પદ્ધતિ નક્કી કરવાની હતી.

★ સારાંશ :-

ચાર્ટ દ્વારા સમગ્ર મોડયુલનો ટૂંકમાં સાર આપવામાં આવેલ હતો. જેના આધારે ટૂંકમાં સમગ્ર મોડયુલ અંગે સમજ મેળવી હતી.

★ પોર્ટફોલિયો :-

શીખવામાં મુશ્કેલીઓ દર્શાવતાં બાળકો માટે વ્યક્તિગત શિક્ષા યોજના તૈયાર કરવા અંગે અસાઇન્મેંટ બનાવ્યુ હતું.

★ વધારાના સંસાધનો :-

બીજી વધારાની માહિતી માટે કોર્સમાં આપેલ વેબ સાઇટોની નોંધ કરી અને આપેલ લીંક જોઇ વધુ સમજ મેળવી હતી.

★ મુલ્યાંકન :- 20 પ્રશ્નોના ઉત્તર આપી ક્વીઝ પુર્ણ કરી હતી.

આમ, આ મોડયુલ દ્વારા પાયાની ભાષા અને સાક્ષરતા વિશે પુરતી સમજ મેળવી હતી.